# અમદાવાદ-મુંબઈ હાઈવે પર ગમખ્વાર અકસ્માત

## અમદાવાદની ખાનગી બસ ટેન્કર સાથે અથડાતા ૧૪ના કરૂણ મોત : મૃતકોમાં અમદાવાદના ઘણા લોકો પણ સામેલ : બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ : સવારમાં ૬.૩૦ વાગ્યાની આસપાસ અકસ્માત

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ-મુંબઈ હાઈવે પર આજે સવારે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા હતા અને અન્ય ૪૦ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધે તેવી દહેશત સેવાઈ રહી છે. મળેલી માહિતી મુજબ દુર્ઘટનાગ્રસ્ત બસ ગઈકોલ રાત્રે ૧૦ વાગ્યે પાલડીથી રવાના થઈ હતી અને આજે સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત સર્જાયો હતો. મુંબઈથી ૧૧૫ કિલોમીટરના અંતરે સ્થિત ચારોટી-મનોરની વચ્ચે આ અકસ્માત થયો હતો. અમદાવાદથી મુંબઈ જતી કાબરા ટ્રાવેલ્સની લકઝરી બસને ચારોટી-મોનરની વચ્ચે ખોટી દિશામાંથી આવતા ગેસના ટેન્કરે ટક્કર મારી દીધી હતી જેથી ભીષણ અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં મોટી સંખ્યામાં લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં અમદાવાદ અને ગુજરાતના લોકો પણ સામેલ હોવાની માહિતી મળી છે. ઓળખ વિધિની પ્રક્રિયા હાથ ધરાઈ છે. બસમાં આશરે ૪૦થી ૫૦ મુસાફરો હોવાનું જાણવા મળ્યુ છે. અકસ્માત બાદ બસ પલટી ખાઈ ગઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ મુંબઈ-થાણેની હદમાં વિરારથી ૪૫ કિલોમિટરના અંદરે વાપી તરફ મુંબઈ-અમદાવાદ હાઈવે પર આજે સવારે આ અકસ્માત થયો હતો. ગેસ ટેન્કર એમએચ-૬૦ એક્યુ ૯૬૨૩ સાથે અમદાવાદની કાબરા ટ્રાવેલ્સની લકઝરી બસ જીજે-૩-એડબલ્યુ-૯૯૧૪ ટકરાઈ ગઈ હતી. અકસ્માત એટલો પ્રચંડ હતો કે બસ પલટી ખાઈ ગઈ હતી અને તેનો ભુક્કો બોલી ગયો હતો. અકસ્માતમાં સત્તાવારરીતે આઠ પુરુષો, પાંચ મહિલા અને એક બાળકનું મોત થયુ છે. બિન સત્તાવારરીતે મોતનો આંકડો વધારે છે. મૃતકોને થાણે નજીક કાશા પોલીસમથકો હેઠળની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલાઓને મુંબઈ નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ હતી. ઘટનાસ્થળે જ ઘણા લોકોના મોત થઈ ગયા હતા. આ અકસ્માત સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ બન્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ કાફલો તથા ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. બચાવ કામગીરી હાથ ધરી હતી. મુંબઈ-અમદાવાદ હાઈવે પર મેદવાન ખીન્ડ ખાતે ખાનગી બસ અને ટેન્કર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે સવારે ૬.૩૦ વાગ્યાની આસપાસ ખાનગી લગ્ઝરી બસ અને ટેન્કર વચ્ચે ટક્કર થઈ હતી. રેસિડેન્ડ ડેપ્યુટી કલેક્ટર મનોડ ગોહડે કહ્યું છે કે બચાવ અને રાહત કામગારી બનાવની જાણ થયા બાદ તરત હાથ ધરવામાં આવી હતી. ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેવા પણ કામમાં લેવામાં આવી હતા. ઘટનાસ્થળે મેડીકલની ટીમો પણ તરત જ રવાના કરવામાં આવી હતી. એડિશનલ કલેકટર અશોક સિંગારેએ કહ્યું હતું કે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ધાનુની આસપાસની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કેટલાક અતિ ગંભૂર યાત્રીઓને મુંબઈ ખાતેની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બસ અમદાવાદના પાલડી ચાર રસ્તાથી યાત્રીઓને લઈને રવાના થઈ હતી. બસ પાલડી બાદ બાપુનગર, ઠક્કરનગર થઈને મુંબઈ તરફ રવાના થઈ હતી. મુસાફરો ઉંઘમાં હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

## સરદાર પટેલની પ્રતિમા મુદ્દે દિલ્હીમાં મહત્વની બેઠક યોજાઈ

### પ્રતિમાના નિર્માણ મુદ્દા પર ચર્ચા થઈ : અધિકારીએ મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને ગાંધીનગર ખાતે મળીને દિલ્હીની મિટિંગની ફલશ્રુતિથી માહિતગાર કર્યા

ગાંધીનગર, તા. ૨૯

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓપ યુનીટીના બાંધકામ માટેની પ્રાથમિક તૈયારીઓ પૂર્ણ થતાની સાથે જ સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટના સભ્ય સચિવ અને સરદાર સરોવર નર્મદા નિગમ લિમીટેડના સંયુક્ત પ્રબંધન નિર્દેશક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓને આ પરિયોજનાથી માહિતગાર કરવા માટે એક સભાનું આયોજન ગુજરાત ભવન નવી દિલ્હી ખાતે કર્યુ હતુ. ઉપરોક્ત કોન્ફરન્સમાં ભારત તથા વિશ્વની અગ્રણી કંપનીઓ જેવી કે લાર્સન એન્ડ ટુબ્રો, એસ્સાર, સેમસંગ, ગેનન ડંકરલી, લેઈનટ, હિન્દુસ્તાન કન્સ્ટ્રક્શન કંપની, શાપૂરજી પાલોનજી કન્સ્ટ્રક્શન વગેરે જેવી કંપનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનો રસ અને રૂચી આ પરિયોજનાના નિર્માણ માટે બતાવ્યા હતા.

કે શ્રીનિવાસ, આઈએએસ, સભ્ય સચિવ, સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ, કે જે આ પરિયોજનાનો કાર્યભાર ધરાવે છએ, તેમણે આ પરિયોજનાની વિસ્તૃત માહિતીની પરિકલ્પના અને સાથે સાથે આસપાસના વિસ્તારના આર્થિક વિકાસના આયોજનથી સર્વે ઉપસ્થિત સજ્જનોને માહિતગાર કર્યા હતા. સાથે સાથએ તેમણે સરદાર પટેલની દિર્ઘદષ્ટિ અને સર્વાંગી વિકાસના મુદ્દાઓ પણ પોતાની ચર્ચામાં આવરી લીધા હતા. આ પરિયોજનાની પરિકલ્પના વિશેની વિસ્તૃત માહિતી પરિયોજનાના પ્રબંધક તરીકે જેમની નિમણૂંક કરી છએ એ ટર્નર પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સ્ટન્ટના પ્રબંધન નિર્દેશક તરફથી આપવામાં આવી હતી. અંતમાં આ પરિયોજનામાં પોતાના રસ-રૂચી દાખવનાર કંપનીના પ્રતિનિધિઓ તરફથી પરિયોજનાના વિવિધ પાસાઓની જાણકારી માટેના સવાલો થયા હતા અને ટ્રસ્ટના સભ્યશ્રીઓ તરફથી તેમના યોગ્ય ઉત્તરો પણ આપવામાં આવ્યા હતા જેમાં પરિયોજનાની ડિઝાઈન માટેના જરૂરી પરિબળો વિશે અને પરિયોજનાના સમય વિશેના પ્રશ્નોત્તરી મુખ્ય હતા. ઉપસ્થિત વિવિધ કંપનીના પ્રતિનિધિઓએ ગુજરાત સરકાર તરફથી આ પરિયોજના માટે લેવામાં આવતા રસ-રૂચી અને આ યોજનાની પરિકલ્પનાને ઉત્સાહપૂર્વક વધાવી લઈ આ પરિયોજનાના બાંધકામમાં ભાગીદાર થવા માટે પોતાના રસ-રૂચી દાખવી યોગ્ય સહકાર આપવા પોતાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. આજે કે શ્રીનિવાસને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ગાંધીનગરમાં મળીને દિલ્હીની બેઠકની ફલશ્રુતિથી માહિતગાર કર્યા હતા.

## આજે એનએસયુઆઈ તેમજ યુવક કોંગ્રેસના હોદ્દેદાર ભાજપમાં જોડાશે

### થોડાક સમય પહેલા જોડાયેલા અમીન પણ ઉપસ્થિત રહેશે

અમદાવાદ, તા. ૨૯

એનએસયુઆઈ અને યુવક કોંગ્રેસના હોદ્દેદારો તેમજ પૂર્વ હોદ્દેદારો અને સેનેટ સભ્યો તથા વિદ્યાર્થી આગેવાનો આવતીકાલે ગુરુવારે સાંજે ૫.૦૦ કલાકે અમીરાજ પાર્ટી પ્લોટ, કારગીલ પેટ્રોલપંપ પાસે, ગુજરાત હાઈકોર્ટ પાસે, સરખેજ-ગાંધીનગર હાઈવે રોડ ખાતે મુખ્યમંત્રી મોદી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ આગેવાનો નરહરિ અમીનની ઉપસ્થિતિમાં વિધિવત રીતે ભાજપમાં જોડાશે. સમગ્ર ગુજરાતમાંથી અંદાજે પાંચ હજાર જેટલા યુથ કોંગ્રેસ, એનએસયુઆઈ તેમજ જુદી જુદી વિદ્યાર્થી પ્રવૃત્તિઓના સંગઠનો સાથે જોડાયેલા યુવક-યુવતીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ભાજપમાં જોડાશે. તેમ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પૂર્વ વાઈસ પ્રેસીડન્ટ પ્રકાશ ગુર્જર તથા એનએસયુઆઈના પૂર્વ ઓલ ઈન્ડિયા નેશનલ ડેલીગેટ હાર્દિક ડોડીયા જણાવે છે.

## કેમિકલ ભરેલી ટાંકી ફાટતા ભાગદોડ મચી

અમદાવાદ, તા. ૨૯

વડોદરાની નંદેસરી જીઆઈડીસીમાં આવેલી કેમિકલ ભરેલી ટાંકી ધડાકાભેર ફાટતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આ ધડાકાનો અવાજ ૩ કિલોમીટર સુધી સંભળાયો હતો.અને આગ ફાટી નિકળી હતી. જો કે આ ઘટનાના કારણે કોઈ ખાસ જાનહાની પહોંચી નથી. સુત્રોના જણાવ્યા અનુસાર વડોદરા નજીક નંદેસરી જીઆઈડીસામાં આવેલ દિપક નાઈટ્રેટ કંપનીમાં ગત મોડી રાત્રે કેમીકલ ભરેલી એક ટાંકી ધડાકા સાથે ફાટી હતી. આ ઘટના બાદ આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. તો આ ધડાકાનો અવાજ ૩ કિલોમીટરના અંતરે સંભળાયો હતો. ધડાકાની અસરથી આસપાસના વિસ્તારોમાં ધ્રુઝારીનો અનુભવ થયો હતો.

## આજથી ૩૧ મે સુધી આકાશમાં બુધ-ગુરૂ-શુક્ર ગ્રહની યુતિનો અદ્‌ભુત નજારો જોવા મળશે

અમદાવાદ, તા. ૨૯

આકાશમાં શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સૂર્યની આસપાસ નિયમિત સમયાંતરે પરિભ્રમણ કરે છે ત્યારે અમુક દિવસે, વર્ષે આકાશમાં અદભૂત ખગોળીય ઘટના જોવા મળે છે ત્યારે આજથી તા. ૩૧મે શુક્રવાર સુધી સ્વચ્છ આકાશમાં બુધ-ગુરુ અને શુક્ર ગ્રહની યુતિનો અદભુત નજારો નિહાળવા જાગૃતો, ખગોળરસિકો થનગની રહ્યા છે. ખગોળપ્રેમીઓ બે દિવસથી નજારો જોવે છે. આજ પ્રકારનો નજારો વર્ષ ૨૦૨૬માં જોવા મળશે ત્યારે ત્રણ દિવસ અવકાશી નજારો જોવા જાથાએ અનુરોધ કર્યો છે.


પૃથ્વીવાસીઓ માટે અનેરી ઘટના છે. ત્રણેય ગ્રહની યુતિ સૂર્યાસ્ત પછી અડધા કલાકમાં તે જગ્યાની ઉપર ત્રિકોણ રચના કરતાં બુધ-ગુરૂ-શુક્રની યુતિ જોવા મળશે. ત્રિકોણ ઉપરના ખૂણામાં બુધ ગ્રહ અને તેની નીચે તેજસ્વી ગ્રહ શુક્ર આહલાદક જોવા મળશે. જયારે ડાબી બાજુએ ગુરુ ગ્રહ જોવા મળશે. ખગોળીયા ઘટના જોવાનું ચુકશો નહિ તેમ જાથા જણાવે છે.

આકાશમાં સૌથી વધારે પ્રકાશિત એવા બે પિંડ ગુરૂ અને શુક્ર બંને ગ્રહ બહુ નજીક આવી જવાના છે એટલે કે આપણને નજીક દેખાવાના છે એમ આપણને દેખાય એને ખગોળીય ભાષામાં યુતિ કહેવાય છે. ત્રણેય ગ્રહોનું ગ્રહણ નથી તેથી નકારાત્મક અફવાથી સાવધાન રહેવા અપીલ છે. ગુરુ ગ્રહને ૩૯ આસપાસ ઉપગ્રહો છે. બધા ગ્રહોમાં ગુરુ વિરાટ છે. શુક્ર અને પૃથ્વીના કદમાં નજીવો તફાવત છે. આકાશમાં ધોળે દિવસે પણ શુક્ર તેજસ્વીતાના કારણે જોઈ શકાય છે. શુક્ર પૃથ્વીથી સાડા નવ કરોડ કિલોમીટર દૂર જયારે બુધ આશરે ૧૫ કરોડ કિલોમીટર અને ગુરુ ગ્રહ આશરે ૬૫ કરોડ કિલોમીટર દૂર હોવા છતાં આકાશમાં અદભુત યુતિ સર્જાવાની છે.

સૂર્યાસ્તના અડધા કલાક પછી યુતિ જોવા મળશે જે ૩૦ થી ૪૦ મિનિટ સુધી અવકાશી ઘટના જોવા મળશે. અત્યારે ૯૦ અંશના કાટખુણે યુતિ બુધ ત્રણેય ગ્રહો ત્રિકોણ આકારે જોવા મળશે. જાથાએ ૧૫ શાખાઓમાં અમદાવાદ, રાજકોટ, ભાવનગર, અમરેલી, પોરબંદર, જામનગર, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ડીસા, સુરત, વાપી, નવસારી, ભરૂચ, વડોદરા, આણંદ, નડીયાદ, કુકાવાવ, ધોરાજી, ઉપલેટા સહિત જીજ્ઞાસુઓની તૈયારી મુજબ નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવેલો છે.

અંતમાં બુધ, ગુરૂ, શુક્ર યુતિનો આ અવકાશી નજારો નિહાળવા રાજયના લોકોને વિજ્ઞાન જાથાએ અપીલ કરી છે. જાથા લોકો આકાશમાં નજર કરતાં થાય, ખગોળીય જ્ઞાન મેળવે તે માટે છેલ્લા ત્રણ વર્ષથી ઝુંબેશ હાથ ધરી છે તેના ભાગરૂપે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

## શબ્દાવલી - ૫૦૭૪



### આડી ચાવી

૧. કદર કરવાવાળુ (૫)
૭. ... ભટકવું, ઘેરઘેર રઝળપાટ (૫)
૮. 'ગન' શબ્દો ઉંધો (૨)
૧૦. સ્મશાન (૪)
૧૨. વટાણાને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૫. વટાણાને અંગ્રેજીમાં... કહેવાય (૩)
૧૬. સરદારજી એક જાતિ (૨)
૧૭. કાતર-છરી સજાવવાનું સાધન (૩)
૧૯. ચોટલી (૨)
૨૨. ટોચ, પર્વતનો સૌથી ઉપરનો ભાગ (૩)
૨૩. ફુલાઈ જવું (૪)
૨૬. જુદા જુદા વિભાગ, હોલ-રૂલ હોસ્પિટલમાં હોય તે (૨)
૨૭. ટીખળ, શરારત (૩)

### ઊભી ચાવી

૧. ... કરવી, પગચંપી કરવી (૫)
૨. ભાવ, કિંમત (૨)
૩. ભગવાન, અલ્લાહ (૧)
૪. ફરિયાદ (૨)
૫. ફૂણુ ફૂણુ પોચું (૩)
૬. પાણી ભરવાનો ઘાટ (૪)
૯. ભુગર્ભમાં ગંદુ પાણી જવાની મોટી તોતિંગ પાઈપ (૩)
૧૧. ... કરવું, વિહરવું (૩)
૧૩. પગથી લઈ ચોટી સુધી આખું (૪)
૧૪. ખાટલાના આડા પાયા (૨)
૧૮. ખુશી રાજી હોવું તે (૩)
૨૦. નાવિક, ખેવૈયો (૩)
૨૧. ભાવના, લાગણીશીલ (૩)
૨૨. મહાપ્રસાદ (૨)
૨૪. દારૂની જાત (૨)
૨૫. બિમાર ના હોય તેવા... નરવા (૨)

### શબ્દાવલી ૫૦૭૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) સપાટ (૩) ઘંટડી (૫) પાર (૬) ભુટા (૭) મજા (૯) ટોણા (૧૦) ચાર (૧૧) સળવળાટ (૧૩) ઉપમા (૧૪) પદ (૧૬) રગ (૧૮) નકુળ (૧૯) કામકાજ (૨૧) રસમ (૨૨) અદકેરૂ

**ઊભી ચાવી :-** (૧) સપાટો (૨) પારણા (૩) ઘંટારવ (૪) ડીમ (૬) ભુચાળ (૮) જાન (૧૧) સમારકામ (૧૨) ટપકું (૧૩) ઉપકાર (૧૫) દળ (૧૭) ગજ (૧૮) નકદ (૨૦) મસ

**LCD TV રીપેરીંગ**
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬



તીવ્ર ગરમી - ગરમીના અંતિમ દિવસોમાં પણ હજુ બપોરના ધોમધખતા તડકામાં નાગરિકો બહાર નિકળાનું ટાળે છે. બપોરે ૧૨ થી ૪ના સમયગાળામાં મોટાભાગના માર્ગો સૂમસામ લાગે છે... પછી એ અમદાવાદ હોય કે ગાંધીનગર....

## પેટા ચૂંટણીમાં ભાજપ તરફી માહોલ હોવાનો દાવો કરાયો

### વિકાસ યાત્રાને વેગ આપવા માટે ભાજપને જીત અપાવવા અપીલ : તમામ છ મતવિસ્તારમાં ભાજપનો વિજય થશે

અમદાવાદ, તા. ૨૯

૨ જૂનના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભાની ચાર બેઠકો અને લોકસભાની પોરબંદર તેમજ બનાસકાંઠાની પોટા-ચુંટણીમાં ભાજપા તરફી માહોલ જામ્યો છે. અને ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી નરેન્દ્રમોદીના નેતૃત્વમાં થઈ રહેલી વિકાસ યાત્રાને વેગ આપવા આ તમામ છ મત-વિસ્તારોના મતદારોમાં ભાજપાના કમલને વિજયી બનાવવાનો નિર્ધાર ઠેરઠેર યોજાતી ગ્રુપ મીટીંગો, ગ્રામય મીટીંગોમાં વ્યક્ત થઈ રહ્યોં છે. તેમ ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ કે જાડેજાએ જણાવી વિજયનો આશાવાદ વ્યક્ત કર્યો છે. તેઓએ જણાવ્યું છે કે ધોરાજી વિધાનસભામાં બેઠકોમાં આવતી ઉપલેટા નગરપાલીકા તેમજ ભાયાવદર નગરપાલીકા, ધોરાજી નગરપાલીકામાં ભાજપ સત્તા સ્થાને છે. તો ધોરાજી તાલુકા પંચાયત અને જિલ્લ્ પંચાયત રાજકોટમાં ભાજપની સત્તા છે. વળી ભાજપના ઉમેદવાર પ્રવીણભાઈ માકળીયા પૂર્વ ધારાસભ્ય છે. અને સમાજસેવાના ભેખાધારી કાર્યકરતા છે. જેતપુર વિધાનસભાના ભાજપના યુવા ઉમેદવાર જયેશભાઈ રાદડિયાને ઉમેળકાભેર આવકાર જન્તાજનાર્દનમાંથી મળી રહ્યો છે. લીમળી વિધાનસભા કે જે સુરેન્દ્રનગર જીલ્લામાં આવે છે. તે જીલ્લા પંચાયતમાં લીમડી તેમજ ચુડા તાલુકા પંચાયતમાં અને લીમડી નગર પાલીકામાં બાજપ સત્તામાં છે. વળી કીરીટસીંહ રાણા પૂર્વધારાસભ્ય અને રાજ્ય સરકારના મંત્રી રહી ચૂક્યા છે. જે ભાજપની જીત માટે ઉજળુ પાસુ છે. તેઓએ પેટાચુંટણીની વિગતોમાં જણાવ્યું છે કે પંચમહાલ જીલ્લાની મોડવાહડપ બેઠક પરના ભાજપના શિક્ષીત મહિલા ઉમેદવાર નિમીષા બહેન સુથારને ગામેગામ આવકાર મળી રહ્યોં છે. પંચમહાલ જીલ્લા પંચાયત તેમજ મોવાહડફ તાલુકા પંચાયતમાં ભાજપની સત્તા છે. આમ વિધાનસભાની ચારેય બેઠકો કે જે ૨૦૧૨માં કોંગ્રેસ જીતી હતી. તે તમામમાં ભાજપના જીતવાના ઉજળા સંકેતો મળી રહ્યાં છે. પ્રચાર કાર્ય દરમિયાન મત દારોનું પણ ઉમળકાભેર આવકાર મળી રહ્યાં છે. પોરબંદર લોકસભામાં નગરપાલીકા,તાલુરા પંચાયત તેમજ જીલ્લા પંચાયતમાં ભાજપ બહુમતીમાં છે.

**ટચૂકડી જાહેર ખબર**

**ફ્લેટ વેચવાનો છે**
સે.૨૩ લગ્નવાડી પાસે, સારા લોકેશનનો ગ્રાઉન્ડ ફ્લોરનો ફ્લેટ વેચવાનો છે.
**મો. ૯૮૯૮૦ ૩૦૬૫૨**

**વેચવાના છે**
**પ્લોટ તથા ફ્લેટ**
સે.૨૮માં ઘ-૬ કોર્નર, ૨૦૦ મીટરનો પ્લોટ તથા સે.૪ડીમાં ફ્લેટો
**ફોન : ૯૮૨૫૮ ૦૫૧૪૧**

## ઈશરત કેસમાં કમાન્ડો અનાજુ ચૌધરીને શરતી જામીન મળ્યા

### સીબીઆઈ દ્વારા નિર્ધારિત ગાળામાં ચાર્જશીટ રજુ નહી થતા ડિફોલ્ટ જામીન અરજી બાદ હાલમાં શરતી જામીન

અમદાવાદ, તા. ૨૯

ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસમાં ચાર ઉચ્ચ પોલીસ અધિકારીઓને મળ્યા બાદ આ જ કેસમાં સંકળાયેલા અનાજુ ચૌધરીને પણ સીબીઆઈ કોર્ટે શરતી જામીન આપ્યા છે. સીબીઆઈ દ્વારા ૯૦ દિવસનો સમય પૂર્ણ હોવા છતાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ ન કરાતા અનાજુ ચૌધરીએ કોર્ટમાં ડિફોલ્ટ જામીન અરજી દાખલ કરી હતી. જેમાં કોર્ટે તેને હાલ શરતી જામીન પર મુક્ત કર્યો છે. ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસમાં સંકળાયેલા કમાન્ડો અનાજુ ચૌધરીએ એન્કાઉન્ટરમાં ઠાર મરાયેલ ઈશરત જહાં સહિત ચાર શખ્સો પર કુલ ૩૨ રાઉન્ડ ફાયરીંગ કર્યુ હતું. સીબીઆઈ દ્વારા ઈશરત કેસમાં તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ કોર્ટે તેને જેલ કસ્ટડી કર્યો હતો. સીબીઆઈ દ્વારા ઈશરત જહાં એન્કાઉન્ટર કેસમાં તપાસના ૯૦ દિવસ પૂર્ણ હોવા છતાં ચાર્જશીટ રજૂ ન કરાતા આ કેસમાં સંકળાયેલા અનાજુ ચૌધરીએ ડિફોલ્ટ જામીન અરજી કરી હતી. કોર્ટમાં બંને પક્ષો વચ્ચે ધારદાર દલીલો થઈ હતી. જેમાં અનાજુ ચૌધરીના વકીલે એવી દલીલ કરી હતી કે, સીબીઆઈ દ્વારા ૯૦ દિવસ પૂર્ણ હોવા છતાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ ન કરતા તેમને જામીન મળવા જોઈએ. બીજી તરફ સીબીઆઈના વકીલે જણાવ્યું હતું કે, હાલ આ સમગ્ર કેસમાં મહત્વના બે આરોપીઓ ડીજી વણઝારા અને એન કે અમીનની ધરપકડ કરવાની બાકી છે. તેથી હાલ તેમના વગર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી શકીએ નહિ. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી સીબીઆઈની માંગણી ફગાવી દીધી હતી અને આરોપી અનાજુ ચૌધરીને ૫૦ હજાર રૂપિયાના બોન્ડ, પાસપોર્ટ જમા કરાવવા અને ઈન્વેસ્ટિગેશન ઓફિસર જ્યારે બોલાવે ત્યારે હાજર આપવાની શરતોને આધિન રહી શરતી જામીન આપ્યા છે.

## હવે અમદાવાદમાં ભવ્ય 'અલોફ્ટ' હોટલ ખુલી રહી છે

દુનિયાના ખ્યાતનામ અને અગ્રણી સ્ટારવૂડ હોટેલ્સ એન્ડ રીસોર્ટસ ગૃપ ગુજરાતમાં અમદાવાદ ખાતે તેની હોટલ ઈન્ડસ્ટ્રીની કાયાપલટ કરનારી બ્રાન્ડ એવી અલોફ્ટને શરૂ કરવાની જાહેરાત કરે છે. અમદાવાદમાં એસ.જી. હાઈવે શરૂ થયેલી આ લકઝુરીયસ હોટલ અલોફટનું ભવ્ય સમારોહ સાથે લોન્ચિંગ કરવામાં આવ્યું અનેઆ અલોફટ હોટલ હેટલ આકર્ષક ડિઝાઈન, મ્યુઝિક એન્ડ ટેકનોલોજી સહિતાના અનેક નવા ફિચર્સ સાથે ગુજરાતની શાન તથા ગુજરાતીઓની પહેંચાન બનશે. અમદાવાદ ગાંધીનગર અનેઅમદાવાદને જોડતા મેઈન હાઈવે એવા એસ.જી. હાઈવે પર આ નવી અલોફટ હોટલ ઉભી કરવામાં આવી છે. અને ૧૭૬ રૂમ સાથે આ હોટલ ભારતના સૌથી વધુ ઔદ્યોગિક રીતે વિકાસ પામેલા રાજય ગુજરાતની એક લેન્ડમાર્ક હોટલ બનશે. જે બિઝનેસમેન્સ, ટ્રાવેલર્સ તેમજ અન્ય હેતુઓ માટે શ્રેષ્ઠ વિકલ્પ બનશે અને જરૂરથી લોકોને આકર્ષશે.

## પરિણામ જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસએમએસ કરવાનો રહેશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ ગુજરાત કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર-૧૮૦૦૨૩૩૫૫૦૦ ઉપર ફોન કરીને પણ પરિણામ જાણી શકશે. અમદાવાદ જિલ્લાના વિદ્યાર્થીઓ લેન્ડલાઈન નંબર-૦૭૯૨૬૮૫૧૪૨૨ ઉપર ફોન કરીને પોતાનું પરિણામ જાણી શકશે. જ્યારે ગાંધીનગર જિલ્લાના વિદ્યાર્થીઓ લેન્ડલાઈન નંબર-૦૭૯૩૦૫૧૬૦૬૧ ઉપર ફોન કરીને પરિણામ જાણી શકશે. ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે ઉત્તેજનાનો માહોલ હતો. જોકે આ વર્ષે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ એક સપ્તાહ મોડુ જાહેર કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધી મેં મહીનાના અંત સુધીમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરી દેવામાં આવતું હતું. જોકે, આ વખતે ત્રણ જુનના રોજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરીણામ જાહેર કરાશે.

**જાહેર નિવિદા નંબર-૧ / સને-૨૦૧૩/૨૦૧૪**

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, (રાજ્ય) સબજેલ સામે, હિંમતનગર-૩૮૩૦૦૧ ફોન નંબર : (૦૨૭૭૨) ૨૪૧૬૫૧ હિંમતનગર દ્વારા (૧) મીની હોટમીક્ષ પ્લાન્ટ નંગ-૧ (૨) એમ્બેસેડર કાર નં. જી.જે.૯.જી. ૩૬૦૦ હાલ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં જે તે જગ્યાએથી વેચાણ કરવાના છે. અને તેજ સ્થિતિમાં સુપ્રત કરવામાં આવશે. તો રસ ધરાવતા વેપારીઓએ પોતાના લેટરપેડમાં ભાવો ભરી પાન નંબર તથા સેલ્સટેક્ષ રજીસ્ટ્રેશનના પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ જોડી રજી. પો.એ.ડી.થી ઉપરોક્ત સરનામે તા. ૧૦/૬/૨૦૧૩ સુધીમાં મોકલવાના રહેશે. શક્ય હશે તો ભાવો બીજા દિવસે બપોરે ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરીએ ખોલવામાં આવશે. ભાવો સાથે બાનાની રકમ તથા જે ભાવો ભરેલ હોય તેની ૨૫% રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, હિંમતનગરના નામનો બિડવાનો રહેશે તે સિવાય આવેલ ભાવો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જે ઈસમના ભાવો મંજુર થાય તે મંજુર થયેલ રકમ પર વેચાણવેરો નિયમોનુસાર ભરવાનો રહેશે જે ભરપાઈ કર્યા અંગેનો અસલ પુરાવો રજૂ કરવાનો રહેશે ત્યારબાદ જ ડિલીવર આપવામાં આવશે. એમ્બેસેડર કાર / મીની હોટમીક્ષ પ્લાન્ટ અંગે અન્ય કચેરીનો જે કોઈ ટેક્ષ ભરવાનો થાય તે ટેક્ષ ઈજારદારશ્રીના શિરે રહેશે. આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ માહિતી ખાતાની વેબ સાઈટ www.statetenders.com ઉપરથી પણ જોઈ શકાશે. આ નોટીસ અંગે રસ ધરાવતા ઈજારદારશ્રીઓએ હરાજીની શરતો થથા અન્ય માહિતી માટે જાહેર રજા સિવાયના દિવસોમાં કામકાજના કલાકો દરમિયાન આ કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

**ક્રમાંક ના.માનિ./હિંમત/૧૦૨/૨૦૧૨**